# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

☎ ૨૩૨૫૪૫૦૯(ઓફીસ), (૦૭૯) ૨૩૨૫૪૩૭૭(અંગત), ૨૩૨૫૯૭૬૦(ફેક્સ)

ગુજરાત રાજ્ય

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડો.જીવરાજમહેતા ભવન, સેક્ટર-૧૦ બી.
ગાંધીનગર-૩૮૨૦૧૦

નં.:-હિતિનિ/ટી.સી./ફા.૧૨૫/૧૨૫૧/૫૧૭૬ - ૫૨૦૩ તા.૧૩/૮/૨૦૦૮

પરિપત્ર ક્રમાંક : ૧૫ / ૨૦૦૮

**વિષય:- PSB મારફત પેન્શન ચૂકવણાંની પ્રથા બંધ થતાં કરવાપાત્ર થતી કાર્યવાહીની સુચનાઓ.**

જાહેર ક્ષેત્રની બેંકો (Public Sector Bank) મારફતે પેન્શનરોને પેન્શન ચૂકવણાની પ્રથામાં પેન્શનરોને થતી મૂશ્કેલીઓ, અતિ ચૂકવણા, ખોટા રીવીઝન, વિલંબથી ચુકવણું, ખોટા વર્ગીકરણ વગેરે ધ્યાને લેતા નાણાં વિભાગના ઠરાવ નં. તજર/ ૧૦૨૦૦૭/૨૦૩/ઝ તા.૨૪/૭/૦૮ થી પેન્શન ચૂકવણાંની PSB ની આ પ્રથા તાત્કાલિક અસરથી બંધ કરવા ઠરાવમાં આવેલ છે.

પરિણામે જાહેરક્ષેત્ર ની બેંક દ્વારા થતાં પેન્શનરોના પેન્શન ચૂકવણાં Individual Running Ledger Account પ્રથા હેઠળ આવરી લેવા નીચે મુજબની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

➢ **નિયમો / ઠરાવ :**

- ગુજરાત સરકારના PSB પ્રથા હેઠળના પેન્શનરોને IRLA પ્રથા હેઠળ આવરી લેવા IRLA પ્રથા માટેના હાલમાં અમલી ઠરાવ અને કાર્યપધ્ધતિ લાગુ પાડવાની રહેશે.
- ગુજરાત રાજયના પેન્શનરો સિવાયના રાજયની તિજોરીઓમાંથી પેન્શન મેળવતાં અન્ય પેન્શનરો જેવા કે રેલ્વે, મિલટ્રી, All India Service ના પેન્શનરો માટે PSB પ્રથાનો અમલ ચાલુ રહેશે.

➢ **બેંકો સાથેની કાર્યવાહી :**

- નાણાં વિભાગના ઠરાવ નં. તજર/૧૦૨૦૦૭/૨૦૩/ઝ તા.૨૪/૭/૦૮ ની નકલ જે તે બેંકની Link Branch ને પાઠવી PSB દ્વારા પેન્શન ચૂકવણાની પ્રથા બંધ થયેલ હોવાની જાણ કરવી.
- જે કિસ્સામાં બેંકના સ્ક્રોલ મળવાના બાકી હોય તે છેવટ સુધીના તમામ સ્ક્રોલ મેળવી લેવા.
- PSB ના પેન્શનરોના બંને પીપીઓ માં Last Paid up to ની નોંધ જેમાં મૂળ પેન્શન CVP, ઘટાડેલ દરનું પેન્શન, ૫૦ % મર્જર, ટી.આઈ., મેડીકલ એલાઉન્સની વિગતો તથા ચાલુ નાણાંકીય વર્ષ માટે ચૂકવેલ કુલ પેન્શન, કપાત કરેલ ઈન્કમટેક્ષ, ઘરભાડા જેવી સરકારી વસુલાતની રકમ સ્પષ્ટ દર્શાવવા તેમજ સ્ક્રોલ મુજબના તમામ પેન્શનરોની હયાતીની ખરાઈ પૂર્ણ કરેલ હોવાના પ્રમાણપત્ર તિજોરી કચેરીને મોકલી આપવા જણાવવું.
- પેન્શન / કુટુંબ પેન્શનમાં Over Payment ની વિગતો (કુલ વસુલાત, કરેલ વસુલાત તથા બાકી વસુલાતની વિગતો) બંને PPO હાફમાં દર્શાવવા જણાવવું.
- PSB પાસેથી બન્ને પીપીઓ હાફની Updated મૂળ પ્રત મેળવી લેવાની રહેશે.
- ખોવાયેલ પીપીઓ હાફ (એક અથવા બંને)ના કિસ્સામાં Lost Certificate તથા પીપીઓ હાફ મળી આવે તો તિજોરી કચેરીને મોકલી આપવામાં આવશે તે મતલબનું તથા આવા કિસ્સામાં સરકારને કોઈ આર્થિક નુકશાન થશે તો તે PSB સરકારને ભરપાઈ કરી આપશે તેવું બાંહેધરીપત્રક PSB ના બેંક મેનેજર પાસે મેળવી લેવું
- જરૂર જણાયે સંબંધિત PSB ના બેંક મેનેજરનો રૂબરૂ સંપર્ક કરી કાર્યવાહી પૂર્ણ કરવી.

## પેન્શનરો સાથેની કાર્યવાહી :–

- સ્થાનિક પેન્શનર મંડળોની જરૂર જણાયે બેઠક યોજી સરકારના નિતિ વિષયક નિર્ણયની સમજૂતી આપી બંધ થયેલ પ્રથાની જાણ કરવી તથા નીચે જણાવેલ વિગતો પૂરી પાડવા જણાવવું.
- IRLA પ્રથા હેઠળના ઠરાવો મુજબ પેન્શનરોને જરૂરી ફોર્મ, બેંક ખાતાનંબર Pincode No સાથેના સરનામા, E.mail એડ્રેસ, ફોન નંબર,નિવૃતિ સમયનો હોદ્દો, પ્રમાણીત ફોટોગ્રાફ તથા સહીના નમુના વગેરે વિગતો જિલ્લા તિજોરી કચેરીએ પૂરા પાડવા જાણ કરવી.
- ગ્રામ્ય અને તાલુકા કક્ષાની PSB માંથી પેન્શન મેળવતાં પેન્શનરોને ઉપરોક્ત વિગતો પોતાના નામ અને પીપીઓ નંબર સાથે જિલ્લા તિજોરી કચેરીમાં મોકલવા જણાવવું.
- ઉપર જણાવેલ વિગતો મેળવવા સ્થાનિક વર્તમાનપત્રોમાં પણ માહિતી ખાતા મારફતે વિના મૂલ્યે પ્રેસનોટ આપવી .
- PSB પ્રથા હેઠળ પેન્શન મેળવતાં પેન્શનરની હયાતીની ખરાઈ બાકી હોય તેવા કિસ્સામાં IRLA પ્રથા હેઠળ પીપીઓ આવરી લેવા પરંતુ ચૂકવણા શરૂ કરતાં પહેલા હાલની માન્ય પધ્ધતિ મુજબ હયાતીની ખરાઈ કરાવી લેવી.

## તિજોરી કચેરી કક્ષાએ કરવાની કાર્યવાહી :–

- PSB માંથી મળેલ છેવટના સ્ક્રોલનું PSB ના સંબંધિત લેજરમાં પોસ્ટીંગ કરી પીપીઓમાં તથા PSB લેજરમાં પેન્શનની રકમ સાચી હોવાની ખરાઈ કર્યા બાદ જ તેને IRLA ના સંબંધિત લેજરમાં સમાવવા.
- PSB પેન્શનરોના જે કોઈ કિસ્સામાં Over Payment થયેલ હોય અથવા વસુલાત ચાલુ હોય તેવા કિસ્સામાં Over Payment નું બ્રાંચવાઈઝ પત્રક તૈયાર કરી વસુલાત ન થઈ શકે તેવા કિસ્સાઓમાં (દા.ત. પેન્શનરનુ અવસાન થવું) બેંકને Over Payment ની રકમ સરકારશ્રી માં જમા કરાવવા જણાવવું.
- વસુલાત શરૂ કરવાની બાકી હોય, વસુલાત ચાલુ હોય તેવા પેન્શનરોને વસુલાત એક સાથે ભરપાઈ કરી આપવા સમજુત કરવા અન્યથા નિયમોનુસાર માસિક પેન્શનમાંથી વસુલાત કરવા ઘટિત કાર્યવાહી કરવી.
- PSB પેન્શનરોના પીપીઓ હાફનું IRLA લેજરમાં પોસ્ટીંગ કરતાં સમયે ઉંચા દર નું કુટુંબ પેન્શન પૂર્ણ થવાની તારીખ, સામાન્ય દરનું કુટુંબ પેન્શન શરૂ કરવાની તારીખ બાબતે જરૂરી તકેદારી રાખવી.
- સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અન્વયે PSB દ્વારા કરાયેલ પેન્શન રીવીઝન યોગ્ય હોવાની પૂરતી ચોક્સાઈ કરી IRLA પ્રથાના લેજરમાં પોસ્ટીંગ કરવું.
- PSB દ્વારા ખોવાયેલ પીપીઓ હાફના કિસ્સામાં ડુપ્લીકેટ પીપીઓ તૈયાર કરવા/ મેળવવા માટે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવી.
- ગ્રામ્ય અને તાલુકાની PSB માંથી પેન્શન મેળવતાં પેન્શનરોની વિગતો મેળવી જિલ્લા તિજોરી કચેરીને મોકલી આપવા તથા આ અંગે પેન્શનરને જરૂરી સહકાર અને સમજૂતી આપવા આપના નિયંત્રણ હેઠળના તમામ પેટા તિજોરી અધિકારીઓને જરૂરી સુચનાઓ આપની કક્ષાએથી આપવી.
- PSB ની સંબંધિત Link Branch ના બેંક મેનેજરને લેખિત જાણ કરી જે તે બ્રાન્ચના છેવટના સ્ક્રોલ મુજબના તમામ પેન્શનરોના પીપીઓ હાફ એકત્રિત કરી IRLA પ્રથા હેઠળ આવરી લેવા, જેથી કોઈ બોગસ કેસનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. આ મુજબની સઘળી કાર્યવાહી તબક્કાવાર તમામ PSB માટે પૂર્ણ કરવી.

- IRLA પ્રથા હેઠળ પેન્શન ચૂકવણા શરૂ થાય તે પૂર્વે પીપીઓ હાફની PSB માંથી તિજોરી કચેરીમાં તબદીલી દરમ્યાન PSB પ્રથા હેઠળ પેન્શન ચૂકવણા ચાલુ રાખવા PSB બેંક મેનેજરને Link Branch મારફત સમજૂત કરવા જેથી પેન્શનરોને આર્થિક હાલાકી ન થાય. પરંતુ આ કામગીરી PSB ના બેંક મેનેજરના સંકલનમાં કરવી. જેથી તબદીલીની કાર્યવાહી દરમ્યાન કોઈ પેન્શનરના અવસાન, અન્યત્ર તબદીલીના પ્રસંગે Over Payment નો પ્રશ્ન ન ઉદભવે.
- પીપીઓ તબદીલીની કાર્યવાહી દરમ્યાન બેંક તથા તિજોરી કચેરી બંને દ્વારા બેવડું ચૂકવણું ન થાય તેવી તકેદારી રાખવી.
- PSB માંથી IRLA પ્રથામાં તબદીલ થયેલ તમામ પીપીઓની Oracle માં એન્ટ્રી કરી Oracle માં જ ચૂકવણાં કરવાના રહેશે.

➢ **સામાન્ય :–**

- PSB માંથી IRLA પ્રથામાં પેન્શનની તબદીલીની કાર્યવાહીમાં સ્થાનિક કક્ષાએ જરૂરી જણાય તેવી અન્ય યોગ્ય કાર્યવાહી કરવી.
- જરૂર જણાયે તાલુકાનો વહીવટ ખોરંભે ન પડે તે મુજબ તાલુકાના સ્ટાફની મદદ લેવી.
- તબકકાવાર તેમ છતાં આગામી બે માસમાં તબદીલીની કામગીરી ચોકસાઈપૂર્વક પૂર્ણ કરવા આયોજન કરવું.
- જિલ્લા તિજોરી અધિકારીએ આ કામગીરી પર અંગત ધ્યાન રાખવું.

નિયામક

**પ્રતિ,**

૧. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ............................
૨. તિજોરી અધિકારીશ્રી, (પેન્શન) પેન્શન ચૂકવણાં કચેરી, અમદાવાદ.

**નકલ રવાના:–**

૧. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:–**

૧. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
૨. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
– તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.